**શહેરમાંથી બિન ઉપયોગી વનસ્પતિ દુર કરવા તંત્રને રાજધાની વસાહત સેવા મંડળની રજુઆત**

# ચંદન ચોર ગેંગનો વધુ એક સાગરીત એલ.સી.બીનાં સકંજામાં

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર એલ.સી.બી ની ટીમે બે દિવસ અગાઉ ચંદન ચોરીમાં તરખાટ મચાવતી આંતર રાજ્ય ગેંગના ચાર સાગરીતોને દબોચી લીધા હતા. આ પ્રકરણમાં જે નામો ખુલ્યા તે પૈકીનાં મુખ્ય સુત્રધાર હિરાલાલ અને રાજુ સહીત સાત આરોપીઓ હજુ નાસતા ફરે છે. આજે પઠાણ, સઇદ અલી સૈયદ અને હકિમખા શેખને દબોચી લેવામાં ટીમને સફળતા મળી હતી. પુછતાછમાં બે મુખ્ય શખ્સો સહીત સાતનાં નામો ખુલ્યા હતા. કુલ ૧૧ આરોપીઓ પૈકી ચાર પકડાયા અને આજે વધુ એક આરોપીને પકડવામાં આવ્યો છે. એલ.સી.બી પી.એસ.આઇ એચ.એલ.સોલંકી તથા તેમની ટીમે ફરાર

## મુખ્ય સુત્રધાર હિરાલાલની શોધખોળ તેજ બનાવી : ધાડમાં વપરાયેલી ટવેરા ગાડી પણ જપ્ત




ટીમે આ ગેંગના અન્ય એક નાસતા ફરતા આરોપીને પકડી પાડ્યો છે. તો બીજી તરફ જેની ધરપકડ બાદ ચંદન ચોરી અંગે મોટા ખુલાસાઓ થઇ શકે તેમ છે તેવા બે મુખ્ય સુત્રધારને દબોચી લેવા ગતિવિધી તેજ કરી છે.

ગાંધીનગર એસ.પી વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલ.સી.બી પી.આઇ આશુતોષ પરમારની ટીમે ચંદન ચોરો પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા અને આ આંતર રાજ્ય ગેંગનાં ચાર સાગરીતો નાસર અલી સૈયદ, સઇદ આરોપી સંતોષ પુષ્કર શર્માને પકડી લઇ સે-૨૦ ઔષધીય વનસ્પતી ઉધ્યાન ખાતે થયેલી ચોરી અને ધાડમાં વપરાયેલી ટાવેરા ગાડી પણ જપ્ત કરવામાં આવી છે. મુખ્ય સુત્રધાર હિરાલાલ ચંદન ચોરી કરવા ગેંગ તૈયાર કરાવતો અને રાજુ ચોરીનો માલ વેચતો હોવાનુ ખુલતા આ બંને મુખ્ય સુત્રધારોની પુછતાછમાં અનેક ચંદન ચોરીના ભેદ ઉકેલાય તેવી શક્યતા છે. જેને પગલે પોલીસે આ બંનેને પકડવા કવાયત તેજ બનાવી છે.

### બંને દાગીના વેચવાની ફિરાકમાં હતા

સગીરાને દાગીના સાથે ભગાડી જનાર યુવાન શખ્સ આર.આર.સેલનાં સકંજામાં આવી ગયો છે. વડોદરા શહેરમાં એક બેંકમાં તેઓ પોતાનુ ખાતુ ખોલાવવા પહોંચ્યા હતા અને પી.એસ.આઇ ગડરિયા અને ટીમે બાતમીને આધારે બેંકમાંથી જ બંનેને પકડી યુવાનની ધરપકડ કરીને સગીરાને મુક્ત કરાવી છે. બેંકમાં જવા પાછળનુ કારણ એ હતુ કે તેઓ ૨૫ તોલા દાગીના વેચવા માટે એક સોનીને ત્યા ગયા હતા અને સોનીએ દાગીનાનાં રુપિયા બેંક ખાતામાં જ જમા કરાવશે તેવી શરત કરી હતી. જેને પગલે બંને પોતાનુ નવુ બેંક ખાતુ ખોલાવવા એસ.બી.આઇ બેંકમાં ગયા હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યુ છે.




ચિલોડા મોટા ઓમ લેન્ડ માર્ક શાલા ખાતે રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા વહીવટી તંત્ર ગાંધીનગર સંચાલિત ખેલ મહાકુંભ ૨૦૧૬ અંતર્ગત ગાંધીનગર તાલુકા કક્ષાની કબડ્ડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંડર-૧૪ તથા અંડર-૧૭ કબડ્ડી સ્પર્ધામાં તાલુકા શાળાની ૭૩ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કબડ્ડી સ્પર્ધામાં રમત ગમત અધિકારી અશોકભાઈ રાવલ, તાલુકાના વ્યાયામ શિક્ષકો, રમતગમતના કોચ, નિર્ણાયકોએ હાજર રહી વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## વોર્ડ નં. ૮માં જોખમી વૃક્ષો દૂર કરવા તંત્ર સમક્ષ કોર્પોરેટર્સની રજૂઆત

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગરપાલિકા વોર્ડ નં. ૮માં સમાવિષ્ટ સેક્ટરોમાં મોટા ભયજનક વૃક્ષ કાપવા તેમજ નડતરરૂપ ડાળીઓનું ટ્રીમીંગ કરવા વન વિભાગના તંત્રને વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પાયલબેન મેણાતે લેખિત રજૂઆત કરી છે. તેમ છતાં તંત્ર દ્વારા કોઈપણ કાર્યવાહી કરવામાં ન આવતા વસાહતીઓમાં રોષ ફેલાયો છે.

ગાંધીનગર મનપા કચેરીના વોર્ડ નં. ૮ના શહેરી વિસ્તારોમાં અનેક જોખમી વૃક્ષો આવેલા છે. આ વૃક્ષો ગમે ત્યારે ધરાશાયી થાય તેવી સ્થિતિમાં ઉભા છે. ત્યારે થોડાક સમય પહેલા ગ-માર્ગ પર ૩/૪ના ક્રોસ રોડ પાસે વરસાદમાં વૃક્ષની તોતિંગ ડાળી તુટીને માર્ગ પર પડતા માર્ગ બંધ કરવાની ફરજ પડી હતી. આ બનાવમાં સદનસીબે કોઈ જાનહાનિ થવા પામી નહોતી, પરંતુ ગ-૨ થી ગ-૧ તરફનો માર્ગ વસાહતીઓમાં ભયજનક તરીકે જાણીતો છે. તંત્ર સમક્ષ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવા છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી થવા પામી નથી. ત્યારે વોર્ડ નં. ૮માં સમાવેશ સેક્ટરોમાં ભયજનક વૃક્ષો તેમજ નડતરરૂપ ડાળીઓ તાત્કાલિક અસરથી દૂર કરવા વનવિભાગને કોર્પોરેટર પાયલબેન મેણાતે લેખીત રજૂઆત કરી સત્વરે યોગ્ય કરવા જણાવ્યું છે.





કૂહૂ કૂહૂ બોલે કોયલીયા : શહેરની જાણીતી સાંસ્કૃતિક સંસ્થા સંસ્કૃતિનો શનિવારે રાત્રે ટાઉનહોલમાં જાણીતા ગાયક કલાકારોના કંઠે ગવાયેલ ગીતોથી શ્રોતાઓ મંત્રમુગ્ધ બન્યા હતા.

## ૨૫ તોલા દાગીના સાથે કિશોરીને ભગાડી ગયેલો યુવાન ઝડપાયો

ગાંધીનગર રેન્જ આઈજીપીની આર.આર.સેલ દ્વારા માણસાનાં એક ગામમાંથી ૨૫ તોલા દાગીના સાથે કિશોરીને ભગાડી ગયેલા યુવાન શખ્સને મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવ્યો છે. સેલના પી.એસ.આઇ વી.યુ.ગડરિયા તથા તેમની ટીમે વડોદરા ખાતે એક બેંકમાંથી નાસતા ફરતા આરોપી અને સગીરા બંનેને પકડી પાડ્યા છે.માણસા પોલીસ સ્ટેશનમાં આ ઘટના અંગે ગુનો પણ નોંધાયેલો છે. ચોરીમાં ગયેલા રુ.૬.૬૪ લાખનાં મુદ્દામાલ સાથે યુવાનની ધરપકડ કરી આર.આર.સેલ એ માણસા પોલીસને સોંપવા તજવીજ શરુ કરી છે.

જીલ્લાનાં માણસા તાલુકાનાં એક ગામમાંથી ૧૭ વર્ષિય સગીરાને ગામમાં જ રહેતો એક યુવાન શખ્સ રાકેશ બાબુ ચૌધરી લલચાવી ફોસલાવીને જારકર્મ કરવાનાં ઈરાદે ભગાડી ગયો હતો. આ મામલે માણસા પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી કલમ ૩૬૩,૩૬૬ તથા પોક્સો એક્ટ ૪, ૮ અને ૧૭ હેઠફ ગુનો નોંધાયો હતો. આ ઘટનામાં કિશોરીના વાલીને ત્યાર બાદ ધ્યાને આવ્યુ કે ઘરમાંથી ૨૫ તોલા સોનાનાં દાગીના અને રોકડ પણ ગઈ છે. આ ઘટના અંગે રેંજ આઈ.જી.પીની સુચનાથી પી.એસ.આઇ વી.યુ.ગડરિયાએ તપાસ શરુ કરી હતી. દરમ્યાન વડોદરા શહેરની એક બેંકમાથી સગીરા સાથે યુવાન શખ્સને પકડી પાડ્યો છે. આરોપી રાકેશ ચૌધરી પાસેથી તેમજ અલગ અલગ સ્થળે મુકેલા કુલ ૨૫ તોલા સોનાનાં દાગીના તથા એક મોબાઇલ મળી ટીમે આરોપીની કુલ રુ. ૬,૬૩,૬૦૦ નાં મુદ્દામાલ સાથે ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## શહેરમાંથી બિન ઉપયોગી વનસ્પતિ દુર કરવા તંત્રને રાજધાની વસાહત સેવા મંડળની રજુઆત

નવલી નવરાત્રીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. શહેરમાં નવરાત્રીની પુરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે ચોમાસાની સિઝનને અનુલક્ષી શહેરના સેકટરોમાં બિન ઉપયોગી વનસ્પતિ ઠેરઠેર મોટાપ્રમાણમાં ઉગી નીકળી છે. નવરાત્રી ચોકમાં તેમજ શોંપિંગ સેન્ટરોમાં પણ ઉભી નીકળેલી વનસ્પતિને કારણે મચ્છરો તેમજ ઝેરી સરિસૃપોનું આશ્રયસ્થાન બની રહે છે. ત્યારે નવરાત્રીની તૈયારીના ભાગરુપે તંત્ર દ્વારા બિનઉપયોગી વનસ્પતિ દુર કરવામાં આવે તે માટે રાજધાની સેવા વસાહત મંડળ દ્વારા રજુઆત કરાઈ છે.

આ વનસ્પિતને પગલે સેકટોરમાં મચ્છરો તેમજ ઝેરી જીવજંતુઓનો ત્રાસ વધી જવા પામ્યો છે. નવલી નવરાત્રીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે નવરાત્રીનું કાઉન્ટ-ડાઉન પણ શરુ થઈ ગયું છે. શહેરના સેકટરોમાં વરસાદને કારણે ખુબ જ ઘાસ ઉગી નીકળ્યું છે. નવરાત્રીનું આયોજન કરવામાં આવે છે તેવા ચોક વિસ્તારમાં ઘાસ ઉગી નીકળતા વસાહતીઓ તેમજ નવરાત્રીના આયોજનકર્તાઓ પરેશાન છે. આ બિનઉપયોગી વનસ્પતિમાં ઝેરી જાનવરો તેમજ મચ્છરો સહિત જીવજંતુઓનું આશ્રયસ્થાન હોય છે.




શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, સેક્ટર-૨૬, ગાંધીનગર દ્વારા તૈયાર કરાયેલ ડિરેક્ટરી 'સંપર્ક સેતુ'નું વિમોચન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કાર વિતરણ અને વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન સાથે વૉર્ડ નં.૧માં ચૂંટાયેલા કોર્પોરેટરશ્રીઓનો સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સમાજના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## રોટરી ક્લબ ઓફ, દહેગામ દ્વારા ડેન્ટલ ચેકઅપ કેમ્પ યોજાયો

રોટરી ક્લબ ઓફ દહેગામ દ્વારા દહેગામની વિવિધ સ્કૂલોમાં આ ત્રિદિવસીય કાર્યરત કેમ્પમાં જાણીતા દાંતના ડોકટર ડૉ. હર્ષ શાહ, ડૉ. રૂચિ શાહ, ડૉ. હાર્દિક પટેલ, ડૉ. રોહન પટેલ, ડૉ. મૌલિક અમીન, ડૉ. નિખિલ પટેલ, ડૉ. પ્રતિક શાહ, ડૉ. ઉત્કર્ષ, ડૉ. ગૌરવ પટેલ અને હર્ષિત પટેલે વિના મૂલ્યે સેવાઓ આપી હતી.

# ગુજરાતમાં "મોદી બ્રાન્ડ"ને ભૂંસવી કોંગ્રેસ માટે આસાન નથીઃ કપરૂં છે, અશક્ય નથી

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

દિલીપ કુમાર અને અનુપમ ખેર (ડો. ડેંગ) વચ્ચેનો એક ડાયલોગ હિન્દી ફિલ્મ 'કર્મા'માં આવે છે. દિલીપકુમાર જ્યારે અનુપમને જેલમાં તમાચો મારે છે ત્યારે ડો. ડેંગ કહે છે કે- "ઈસ થપ્પડ કી ગૂંજ તુજે બરસો તક સુનાઈ દેગી..." આવું જ કંઈ ગુજરાતના રાજકારણનું છે. નરેન્દ્ર મોદીએ કોંગ્રેસને મારેલી રાજકીય થપ્પડ આજે ૧૫ વર્ષે પણ કોંગ્રેસ ભૂલી નથી. ૧૩ વર્ષના શાસન પછી મોદી છેલ્લા ત્રણ વર્ષથી નવી દિલ્હી જતા રહ્યાં છે છતાં ગુજરાતમાં મોદીની ગૂંજ કોંગ્રેસને સંભળાય છે. ૨૦૧૭ માટે ઘણાં કોંગ્રેસી નેતાઓ પ્રાર્થના કરે છે કે- "ગુજરાતમાં આ વખતે મોદી ન આવે તો સારૂંપ", પરંતુ તેમ થવાનું નથી. મોદીએ ગુજરાતની બાગડોર અત્યાર થી જ સંભાળી લીધી છે. હવે તો ગુજરાતમાં બાર બાર મોદીના નારા લાગશે. મોદી ભલે પ્રાઈમ મિનિસ્ટરની ખુરશીમાં દેશનો વહીવટ કરતા હોય, તેમની નજરમાં તો ગુજરાત આજેપણ ટોચક્રમે છે.

**● ૨૦૧૭ પૂર્વે કોંગ્રેસના તારણહાર કોણ હશે...**

ગુજરાતમાં છેલ્લા ૨૫ વર્ષથી સત્તાવિહોણી કોંગ્રેસને ૨૦૧૭માં એવી આશા છે કે એન્ટી ઈન્કમબન્સી આ વખતે કોંગ્રેસને યારી આપશે, પરંતુ પાર્ટીમાં યાદવાસ્થળી બંધ થાય તો એ શક્ય છે. લોકોની નારાજગીનો લાભ લેવા જતાં કોંગ્રેસ ખુદ ફીક્સમાં આવી જાય છે. નરેન્દ્ર મોદી અને અમિત શાહ એટલા ચાલાક છે કે પ્રદેશ કોંગ્રેસના નેતાઓની નાડ પારખી ગયા છે. આ નેતાઓની વિકનેસ મોદી સારી રીતે જાણે છે. કોંગ્રેસમાં ત્રણ સિંહ છે જે અન્ય નેતાઓને આગળ આવવા દે તેવા નથી. શંકરસિંહ વાઘેલા, ભરતસિંહ સોલંકી અને શક્તિસિંહ ગોહિલ- આ ત્રણ નામ વિધાનસભાની વૈતરણીમાં આગળ પડતા છે પરંતુ ત્રણેય વચ્ચે વૈમનસ્યની મોટી ખાઈ છે. આ ત્રણ સિંહ ભેગા થાય તો ગુજરાતમાં પરિવર્તન આવી શકે છે. સત્તા જોજનો દૂર છે અને કોંગ્રેસમાં ચીફ મિનિસ્ટરની લડાઈ ચાલી છે.

**● કોંગ્રેસને ૧૮ કલાક જાગતો પ્રમુખ જોઇએ...**

ગુજરાતમાં કોંગ્રેસ પાર્ટીને એક નહીં ૩૩ મજબૂત પ્રમુખ જોઈએ કે જેઓ તેમના જિલ્લાનો નહીં બીજા જિલ્લાનો વહીવટ કરી શકે. અમદાવાદ જિલ્લાનો પ્રમુખ પાટણ જિલ્લાને સંભાળે, સુરેન્દ્રનગરનો પ્રમુખ જૂનાગઢને સાચવે, વલસાડનો પ્રમુખ મહેસાણા જુએ... આ સિસ્ટમથી કામ થાય તો વિધાનસભાના ઉમેદવારોની પસંદગીમાં પાર્ટી થાપ ખાઈ શકે નહીં. ગુજરાતમાં જેમ પાર્ટી પ્રભારી દિલ્હીથી મૂકવામાં આવે છે તેમ જિલ્લા પ્રમુખોને બીજા જિલ્લા સુપત કરવામાં આવે તો તે ઉત્તમ માર્ગ કાઢી શકે છે, જ્યારે પાર્ટી અધ્યક્ષ એટલો પાવરફુલ હોય કે જે દિવસમાં ૧૮ કલાક કામ કરી શકે, માત્ર છ કલાકની નિંદર ખેંચી શકે. આ માટે પાર્ટીને યુવાન પ્રદેશ પ્રમુખની આવશ્યકતા છે.

**● ગુજરાતમાં ફોર્ડઃ એક લાખ કાર બનાવી...**

ગુજરાતના સાણંદમાં ફોર્ડ ઈન્ડિયાએ તેનો કાર મેન્યુફેક્ચરીંગનો પ્લાન્ટ નાંખ્યા પછી ઘરઆંગણે એક લાખ જેટલા વાહનો બનાવી દીધા છે. આ પ્લાન્ટ ૧૪ મહિના પહેલાં શરૂ થયો હતો. ફોર્ડ કંપનીએ ગુજરાતમાં તેના આ પ્લાન્ટ માટે ૬૭૦૦ કરોડનું મૂડીરોકાણ કર્યું છે. ફોર્ડ કંપનીનો ભારતમાં આ બીજો પ્લાન્ટ છે. ગયા ઓગષ્ટ મહિનામાં જ ફોર્ડે ૮૫૪૮ યુનિટ કારની નિકાસ કરી છે જે તેનો ૧૨.૫૦ ટકાનો ગ્રોથ બતાવે છે. મોદીના આમંત્રણથી ગુજરાતમાં શરૂ થયેલા ફોર્ડના આ પ્લાન્ટ માટે રાજ્ય સરકારે ૪૬૦ એકર જમીન આપી છે જે ટાટાના નેનો પ્લાન્ટની બાજુમાં છે.

**● હજી ભ્રષ્ટ અધિકારીઓ પ્રાઇમ પોસ્ટીંગમાં...**

ગુજરાતમાંથી ભ્રષ્ટાચાર દૂર કરવાના ચીફ મિનિસ્ટર વિજય રૂપાણીના પગલાંને પ્રામાણિક ઓફિસરો વખાણે છે પરંતુ શાસનમાં હજી પણ એવાં ભ્રષ્ટ અધિકારીઓ બેઠાં છે કે જેઓ પ્રાઈમ પોસ્ટીંગની મજા લઈ રહ્યાં છે. સચીન જીઆઈડીસીના પ્રમુખ નિલેશ ગામી અને સેક્રેટરી મયુર ગોળવાલાએ CMO માં લેખિત ફરિયાદ કરી જીઆઈડીસીના નવનિયુક્ત મુખ્ય ઈજનેર એ.કે.પટેલની પ્રામાણિકતા પર શંકા વ્યક્ત કરી છે. તેઓએ એવી માગણી કરી છે કે રાજ્ય સરકારને રેવન્યુમાં ભારે નુકશાન કરાવનારા આ ઈજનેરને ખસેડીને તેમની સામે કડક પગલાં લેવા જોઈએ. આ મામલે ઝર્સએ ઉદ્યોગ વિભાગ અને જીઆઈડીસીના વહીવટી સંચાલકને નિયમાનુસાર કાર્યવાહી કરવાના આદેશ પણ કર્યા છે.

**● ચંગીઝ ખાન- દુનિયાની સૌથી ઢનાઢ્ય વ્યક્તિ...**

વિશ્વમાં જ્યારે પણ ઢનાઢ્ય વ્યક્તિના નામનો ઉલ્લેખ થાય છે ત્યારે બિલ ગેટ્સ, વોરેન બફેટ સહિતના ઉદ્યોગ સેલેબ્રિટીની નામ લેવાય છે પરંતુ હકીકતમાં આ ધરતી પર આજ સુધીના ઈતિહાસમાં જોવાય તો યંગીઝ ખાન જેટલો ઢનાઢ્ય વ્યક્તિ કોઈ નથી. યંગીઝ ખાનનો સમયગાળો ૧૧૬૨ થી ૧૨૨૭નો હતો. તેની પાસે ૧૦૦ ટ્રિલિયન ડોલર કરતાં પણ વધારે સંપત્તિ હતી. બીજાક્રમે ૧૦૬૭ થી ૧૦૮૫ના સમયમાં ચીનમાં રાજ કરનારા રાજા શેનઝોંગ ઓફ સીંગ આવે છે, તેમની પાસે ૩૦ ટ્રિલિયન ડોલરની સંપત્તિ હતી. હાલના બજારભાવમાં જોઈએ તો કેટલા રૂપિયા થાય તે ગણવા કેલ્ક્યુલેટરની જરૂરિયાત ઉભી થાય તેમ છે.

**● લો કર લો બાત, હવે ચા માંથી દારૂ બનશે...**

વાત માન્યામાં આવે તેવી નથી પરંતુ રોજીંદી સવારમાં પીવામાં આવતી ચા માંથી દારૂ બનશે. સીઆઈઆઈ સાથે જોડાયેલી હિમાલય બાયોરિસર્ચ ટેકનોલોજીએ એવી ટેકનિક વિકસાવી છે કે જેમાં ચા માંથી શરાબ બની શકે છે. આ સંસ્થા નિર્દેશક સંજયકુમાર કહે છે કે ચા માંથી બનાવેલી શરાબ રેડવાઈનની શ્રેણીની હશે. આ શરાબ પીવાથી થાક દૂર થાય છે. ઉંમરની અસર ઓછી દેખાય છે અને શરીરમાં તાજગી રહે છે. આ શરાબ ચા ની સાથે ફળોને મિશ્રણ કરીને બનાવવામાં આવશે અને તેમાં ૧૦ થી ૧૨ ટકા આલ્કોહોલ હશે. મોજામ્બિકની એક કંપનીએ તેનો કરાર કર્યો છે.

**● IIMમાં સ્ટુડન્ટ્સને ડિપ્લોમા નહીં ડીગ્રી મળશે...**

આઈઆઈએમમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને હવે ડિપ્લોમાના બદલે ડીગ્રી મળશે. આ હેતુસર કેન્દ્ર સરકાર શિયાળુ સત્રમાં એક બીલ લાવી રહી છે. આ બીલ પસાર થયા પછી આઈઆઈએમમા મેનેજમેન્ટનો અભ્યાસ કરનારા વિદ્યાર્થીને ડીગ્રી સર્ટિફિકેટ આપવામાં આવશે. યુરોપિયન દેશોમાં આઈઆઈએમની ફેલોશીપને પીએચડી માનવામાં આવતું નથી તેથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. કેન્દ્રના એચઆરડી મિનિસ્ટર પ્રકાશ જાવડેકરે કહ્યું છે કે ભારતમાં ડિપ્લોમાથી કોઈ ફરક પડતો નથી પરંતુ વિદ્યાર્થી જ્યારે અન્ય દેશોમાં નોકરી માટે જાય છે ત્યારે, ખાસ કરીને યુરોપિયન દેશોમાં જતા હોય ત્યારે મુશ્કેલી ઉભી થાય છે. વિદ્યાર્થીની ફેલોશીપને પીએચડી સમકક્ષ માનવામાં આવતી નથી.

**● ભૂખ્યાંને ભોજન આપવું તે માનવધર્મ છે...**

ભૂખ્યાં લોકોને ભોજન આપવું તે ખરા અર્થમાં માનવતા ધર્મ છે. લોકો મંદિરમાં જાય છે અને મંદિરના ટ્રસ્ટને કરોડો રૂપિયાનું દાન કરે છે પરંતુ ભોજનનું દાન કરવામાં આવે તો ભગવાન વધારે ખુશ થાય છે. અચરજ પમાડે તેવી ચીજ એવી છે કે ભારતના મોટા મંદિરોમાં દાનની સરવાણી એટલી વહે છે કે વર્ષે આ મંદિરો ૧૫,૦૦૦ કરોડ રૂપિયા એકત્ર કરી લેતાં હોય છે. બીજી તરફ ભારતમાં ખોરાકનો બગાડ એટલો વધ્યો છે કે તેનાથી હજારો લોકોના પેટ ભરાઈ જાય છે. કેન્દ્ર સરકારના આંકડા પ્રમાણે દરવર્ષે ૬.૭૦ કરોડ ટન અનાજનો બગાડ થાય છે. આટલા બગાડથી બિહાર રાજ્યને એક વર્ષનું ભોજન મળી શકે છે. ભોજન અને અનાજના બગાડ માટે ખેડૂત થી સરકાર- સુધીની વ્યવસ્થાને જવાબદાર ગણી શકાય છે.

**● રૂપાણીની દિશા સાચી, ટકાવી મુશ્કેલ...**

ગુજરાતમાં શાસનનો અનુભવ લઈ રહેલા વિજય રૂપાણીનું વિઝન ફિક્સ છે. મોદી અને અમિત શાહની સલાહથી તેઓ જે નિર્ણયો લઈ રહ્યાં છે તે સાચી દિશા છે પરંતુ તેને લાંબા સમય સુધી ટકાવી રાખવી એટલી જ જરૂરી છે. લોકોના કામ સરળતાથી રૂપિયાની લાંચ આપ્યા વિના થાય તે જરૂરી છે. વિજય રૂપાણી તેમના ટ્વિટર એકાઉન્ટ ઉપર પ્રશ્નોના જવાબ આપવાના છે તે પ્રયોગ ગુજરાતમાં પહેલીવાર થયો છે. જો પૂર્વગ્રહ વિના તેઓ જવાબ આપશે તો તેમના જેટલા પોપ્યુલર લિડર બીજા કોઈ નહીં હોય, શાસનમાં સંવેદના હોવી જરૂરી છે. સંવેદનહિન નેતાઓને પ્રજાએ ઉખાડીને ફેંકી દીધા છે. 'વચન આપો તો પાળીને બતાવો..' એવું કહેતી જનતાને હવે ઉલ્લુ બનાવી શકાય તેમ નથી.

**બિહારને એક વર્ષનું ભોજન મળે તેટલા અનાજનો બગાડ થાય છે**

**આજના ધનકુબેરોને શરમાવે એટલી સંપત્તિ ચંગીઝ ખાન પાસે હતી**

**કોંગ્રેસને એવા પ્રમુખની જરૂર છે કે જે મોદીની જેમ ૧૮ કલાક કામ કરે**